# પ્રાંતિજના કાલીપુરામાં અસહ્ય ગરમીથી સાત ગાયોના મોત

પ્રાંતિજ, તા. ૧૯
પ્રાંતિજ તાલુકાના કાલીપુરા



ગામની સીમમાં આવેલ ગોચરમાં તંબુ તાળી રહેતા ભરવાડ કુટુંબો ઉપર આભ ફાટ્યું હોય તેમ અસહ્ય દેહ દઝાડતી ગરમીના લીધે સાત ગાયોના મોત નિપજ્યા હતા.

પ્રાંતિજના કાલીપુરા ગામની સીમમાં રહેતા ભરવાડ પરિવાર કે જેવો છેલ્લા ત્રણ વર્ષથી ગામની સીમમાં આવેલ ગોચર જમીનમાં ભાડાના પટ્ટા ઉપર રહે છે. તેમની જોડે ૫૦૦ જેટલી ગાયો છે જેમાં નિયત સમય પ્રમાણે ગાયો પાસે આવેલા ખેતરોમાં ચરવા લઈ હતી. અને અસહ્ય ગરમી પડવાને કારણે રસ્તામાં જ ત્રણ ગાયોનું મોત નિપજ્યું હતું અને ચાર ગાયો પરત જગ્યાએ આવીને મોત થયું હતું. જ્યારે આ વાતની જાણ ગામના રસીકભાઈ આર. પટેલને જાણ થતાં તેવોએ તંત્રમાં જાણ કરતાં પ્રાંતિજ, તલોદ, ઘડી, સોનાસણ તથા સાબરડેરીમાંથી વેટરનરી ડૉક્ટરોની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. જ્યારે પશુમાલિક નારણભાઈ ગણેશભાઈ ભરવાડની છ ગાયો અને બળદેવભાઈ વીરમભાઈ ભરવાડની એક ગાય મળી કુલ સાત ગાયોના મોત નિપજ્યા હતા. જેમાં પશુમાલિકોને દુધણી ગાયની કિંમત ૫૦ હજાર કુલ સાત ગાયની કિંમત ૩ લાખ ૫૦ હજારનું પશુ માલિકોને નુકશાન થયું હતું. જ્યારે ડૉક્ટરોની ટીમ દ્વારા ઘટના સ્થળે પી.એમ.



કરવામાં આવ્યું હતું અને પ્રાથમિક તપાસમાં અસહ્ય ગરમીના કારણે અને એરંડાના પાન ખાધા બાદ આફરો ચડવાથી ગરમીમાં ગરમી થવાથી ગાયોના મોત થયું હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે પાણી સહિતના નમૂનાઓ લઈને લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે. ત્યારે પશુ માલિકોની ઉપર આગ ઝરતી ગરમીને કારણે પશુઓના મોતથી નુકશાન થયું છે. ત્યારે ગ્રામજનો દ્વારા સરકાર તથા તંત્ર દ્વારા મદદ કરવામાં આવે તેવું જણાવી રહ્યા છે.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લો અગનજ્વાળાની લપેટમાં : ૪૬ ડીગ્રી તાપમાન યથાવત

## સવારથી અગનતાંડવથી રસ્તાઓ પર કુદરતી કરફ્યુ : પ્રજાજનો અને પશુ-પંખીઓ ત્રાહિમામ

મોડાસા, તા. ૧૯

રાજસ્થાનમાં પ્રવર્તી રહેલ સીવીએર હીટવેવ કંડીશનનું મોજુ ફરી વળી તેની અસર સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં જોવા મળી રહી છે. ચાર-પાંચ દિવસ સુધી તાપમાનનો પારો ૫૦ ડીગ્રીને આંબી જાય તો નવાઈ નહિ. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં મહત્તમ તાપમાન સતત બે દિવસથી ૪૬ ડીગ્રીને પાર કરી જતા જનજીવન રીતસર હેબતાઈ જવા પામ્યું અને ગ્રામ્ય વિસ્તારોમાં જાણે સ્વયંભુ કરફ્યુ લાગી ગયો હોય તેમ રસ્તાઓ સૂમસામ બની ગયા છે. છેલ્લા દસ-બાર દિવસથી ગરમીનો પીરો ૪૪ ડીગ્રીની આસપાસ રહેતા જિલ્લાના પ્રજાજનો ગરમીના કહેરથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા ત્યારે બુધવારે વહેલી સવારથી તાપમાનનો પારો વધવા માંડતા ૪૬ ડીગ્રીને પાર કરી ગયો હતો. ત્યારે ગુરૂવારે પણ ગરમીનો પ્રકોપ યથાવત રહેતા સતત બીજા દિવસે ગરમીનો પારો ૪૬



છે. અસંખ્ય લોકો લુ ગ્રસ્ત અને સનસ્ટ્રોકની અસર હેઠળ આવી જતા દવાખાને સારવાર લેવાની ફરજ પડી હતી. અરવલ્લી જિલ્લામાં માલપુર તાલુકા અને મેઘરજ તાલુકામાં કુલ ૨ વ્યક્તિઓને ઉનાળાની ગરમી ભરખી જતા પ્રજાજનો રીતસર હેબતાઈ ગયા છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં સૂર્યદેવનું રોદ્રસ્વરૂપ તેમજ અંગ દઝાડતી ગરમીના કારણે પ્રજાજનો દિવસ અને રાત્રીના સમયે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વહેલી સવારથી જ તાપમાનનો પારો સડસડાટ ઉંચે ચડતા લોકોની હાલત કફોડી બની છે. ઉનાળાની ગરમીએ બન્ને જિલ્લામાં ભીંસ વધારતા બન્ને જિલ્લાનું વાતાવરણ જાણે ધગધગતી અગનભઠ્ઠીમાં તબદીલ થઈ ગયું છે. ગરમીએ હાહાકાર મચાવતા સરેરાશ મહત્તમ તાપમાનનો પારો ૪૬ ડીગ્રીને આંબી જતા બન્ને જિલ્લાના શહેરી રસ્તાઓ ડીગ્રી રહેતા લોકોના લમણા રીતસર શેકાઈ ગયા હતા. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા રેડ એલર્ટ જાહેર કરતા ગરમીનો પારો વધતા હીટવેવની કંન્ડીશનમાં લૂ તેમજ ઝાડા-ઉલ્ટી અને બેભન જેવી બીમારીઓથી બચવા લોકોને સાવધાન રહેવા તંત્ર દ્વારા અપીલ કરવાની સાથે દરરોજ ૫ થી ૬ લીટર પાણી અને અન્ય પ્રવાહી પદાર્થો સેવન કરવા તાકીદ કરાઈ છે. બપોરે ૧૧ વાગ્યાથી સૂર્યના સીધા કીરણોના પગલે આકાશમાંથી અગનગોળા વરસતા લોકો ઘરની અંદર પુરાઈ રહેવાનુ પસંદ કરે છે. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આગામી દિવસોમાં ગરમીનો પારો હજુ વધુ ઉંચકાવાનો હોવાની સંભાવનાથી બન્ને જિલ્લાના પ્રજાજનો અને પશુપાલકો ચિંતામાં ઘરકાવ થઈ ગયા છે. બન્ને જિલ્લામાં લૂ-લાગવાના બેભાન થવાના અને ઝાડા-ઉલ્ટીના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

# પ્રાંતિજ એપ્રોચ રોડના રહિશોનો પાણીનો પોકાર

## મહિલાઓ રણચંડી બની પાલિકાએ પહોંચી : પાલિકા પ્રમુખે મહિલાઓનો પારો માપીને સવાર સુધીમાં પાણી આપવાની ખાતરી આપી

પ્રાંતિજ, તા. ૧૯

પ્રાંતિજ ખાતે છેલ્લા એક મહિલાથી પાણી ના મળતા એપ્રોચરોડ વિસ્તારની મહિલાઓએ નારી શક્તિનું પ્રદર્શન બતાવ્યું હતું. જો કે વાયુવેગે સમાચાર કોર્પોરેટરો વધારે સમયથી આરએનબીના કોન્ટ્રાક્ટર દ્વારા આડેધડ ખોદકામ કરી દેતા પીવાના પાણીની પાઈપલાઈનોમાં પંચર કરી દેતા આ વિસ્તારમાં પાણી હોવા છતાં પાણીએ દુષ્કાળ જેવી સ્થિતિ પેદા થઈ છે અને હતા જયારે આ વિસ્તારના કોર્પોરેટરોને જાણ કરવા છતાં નારી શક્તિના તાપને લઈ આ વિસ્તારના એક પણ કોર્પોરેટરો પાલિકામાં ઉપસ્થિત રહ્યા ન હતા. જયારે પાલિકામાં હોબાળો થતા પાલિકા



સુધી પહોંચી જતા આ વિસ્તારના ત્રણેય કોર્પોરેટરોમાંથી એક પણ કોર્પોરેટરો પાલિકામાં જોવા મળ્યા ના હતા જયારે મહિલાઓએ સાજીયા લઈને રોષ વ્યક્ત કર્યો હતો.

પ્રાંતિજ ખાતે વિકાસના કામોને લઈને છેલ્લા એક મહિના કરતાં પાલિકામાં આ વિસ્તારના રહિશો દ્વારા રોજ રજૂઆતો કરવા છતાં કોઈ નિવોડા ના આવતા આખરે ગરમીમાં મહિલાઓનો પારો તેજ થતા નવચંડી સ્વરૂપ ધારણ કરી પાલિકાએ દોડી આવ્યા હતા અને પાલિકા આગળ પાણીના પ્રશ્નને લઈને સાજીયા લીધા પ્રમુખ નિરવભાઈ પરીખ પાલિકામાં દોડી આવ્યા હતા અને સોસાયટીની મહિલાઓને શાંતિ રાખવા અપીલ કરી હતી અને કોન્ફરન્સ હોલમાં બેસાડીને એસીની ઠંડકમાં ઠંડા કર્યા હતા અને સવાર સુધીમાં પાણી આપવાની ખાતરી આપી હતી.

# હિંમતનગરમાં ગુમાસ્તાધારાનો ભંગ કરનાર ૭૦ દુકાનદારોને નોટીસ

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં આવેલ દુકાનદારો ગુમાસ્તાધારાનો ભંગ કરી રહ્યા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે નગરપાલિકા દ્વારા આ અંગેની તપાસ હાથ ધરી ૭૦ દુકાનદારોને કારણદર્શક નોટીસ ફટકારી દુકાનદારો વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે નગરપાલિકાના ચીફ ઓફીસર પ્રણવભાઈ પારેખે જણાવ્યુ હતું કે હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં ગુમાસ્તાધારા અમલીકરણ અને બાળ કામદાર કાયદાનું ચુસ્ત અમલીકરણ થાય તે માટે અવારનવાર તપાસ કરવામાં આવે છે. પરંતુ તેમ છતાં કેટલાક વેપારીઓ તથા દુકાનદારો ગુમાસ્તાધારાનો ભંગ કરી રજાના દિવસે પણ કર્મચારીઓને બોલાવી દુકાનો ખુલ્લી રાખી કામકાજ કરતા હોવાનું માલૂમ પડયુ હતું. જેના પગલે ગુમાસ્તાધારા ઈન્સપેકટર નરેન્દ્રસિંહ સોલંકી અને તેમની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૭૦ દુકાનદારોએ ગુમાસ્તાધારાનો ભંગ કર્યો હોવાનું માલૂમ પડતા તેવા વેપારી અને દુકાનદારોને કારણદર્શક નોટીસ પાઠવી કાર્યવાહી હાથ ધરી છે. જો ગુમાસ્તાધારાનો અમલ નહિ કરે તો તેવા દુકાનદારો વિરૂદ્ધ નિયમોનુસાર કડક કાર્યવાહી કરાશે તેમ નગરપાલિકાના સૂત્રોએ જણાવ્યુ છે.

## હિંમતનગરના આરોગ્યનગરમાંથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૧૯

મહેતાપુરાના ગાયત્રી મંદિર પાસે રહેતા ધર્મેન્દ્રકુમાર બાબુલાલ પંડયાએ સોમવારે પોતાનું બાઈક નં.જીજે.૦૯.સીએન. ૩૪૭૪ બપોરના સુમારે આરોગ્યનગરની ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યુ હતું. રૂા.૩૮૫૦૦ની કિંમતના બાઈકની કોઈ ગઠિયો ચોરી કરી જતા તેમણે વાહન ચોરીના મામલે મંગળવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મામલો દર્જ કરાવ્યો હતો.

# વાવકંપા નજીક સવા લાખના દારૂના જથ્થા સાથે બે ની ધરપકડ

## પોલીસે કુલ ૬,૪૨,૩૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી

મોડાસા, તા. ૧૯

મેઘરજ તાલુકાના ઈસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બીંગ




નાઈટમાં વહેલી સવારે વાવકંપા ગામ નજીકથી એલસીબીએ વોચ ગોઠવી હતી અને નાકાબંધી દરમિયાન બાતમીના આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં વગર પાસ પરમીટે લઈ જવાતો ઈંગ્લિશ દારૂ ભરીને જતી સ્કોપિયો ગાડીને ઝડપી પાડી હતી.

વહેલી સવારના સમયે વાવકંપા નજીકથી પસાર થઈ રહેલ ગાડી નં. જીજે.૯.બીબી.૭૬૦૪ને એલસીબી દ્વારા પકડવામાં આવી હતી અને તેની તપાસ કરતાં ગાડીમાંથી બીયરની જુદી જુદી બ્રાન્ડની કુલ આખી પેટી નંગ ૩૬ તથા છુટી બોટલો નંગ ૪૪ મળી કુલ ૭૪૬ નંગ બોટલ-ટીન મળી આવ્યા હતા. ૧,૨૮,૪૦૦ની કિંમતનો ઈંગ્લિશ દારૂ, રોકડા સહિત મોબાઈલ જપ્ત કર્યો હતો. તેમજ સ્કોર્પિયો ગાડી જેની કિંમત ૫ લાખ અને ગાડીમાં સવાર બે આરોપીઓ પાસેથી રોકડા તેમજ મોબાઈલ મળી કુલ ૬,૪૨,૩૦૦નો મુદ્દામાલ એલસીબીએ પકડી લીધો હતો. તેમજ વહેલી સવારનો લાભ લઈ ગાડી કાઢી દેવા માગતા બે નબીરાઓ અશોક મુમતાજી પુરોહિત રહે. વડાગામ, જુના બસ સ્ટેશનની પાસે તા. ધનસુરા તથા જતીન પ્રવિણભાઈ પટેલ રહે. આકરૂન્દ, પરબડી ચોક તા. ધનસુરા બંનેને એલસીબી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

## વકતાપુર ગામે ડી.પી.માંથી તસ્કરો ૨૫ હજારની મત્તાના સ્પેરપાર્ટસ ચોરી ગયા

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર તાલુકાના વકતાપુર ગામની સીમમાં આવેલા વીજપોલ પરથી ટ્રાન્સફર્મર (ડી.પી.) ને રવિવારે મોડી રાત્રે કોઈ તસ્કરોએ નીચે પાડી દઈ તેમાંથી રૂા.૨૫ હજારની કિંમતના એલ્યુમીનીયમ કોયલ તેમજ સ્પેરપાર્ટસ ચોરી ગયા હતા. ચોરીની ઘટના સંદર્ભે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં મંગળવારે ફરિયાદ નોંધાવાઈ હતી.

ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર વકતાપુરની સીમમાં આવેલા થાંભલા પરથી રવિવારે ટ્રાન્સફર્મર (ડી.પી.) નીચે પાડી દઈ તસ્કરે ડી.પી.માંથી રૂા.૨૫ હજારની કિંમતની કોયલ તેમજ સ્પેરપાર્ટસ ચોરી ગયા હતા. તેમજ રૂા.૧૦ હજારનું નુકશાન પહોંચાડયુ હતું. ચોરીના મામલે હિંમતનગરની શાંતિનગર સોસાયટીમાં રહેતા મુકુંદકુમાર ઈશ્વરભાઈ પટેલે મંગળવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે.

# ઈડર અને હિંમતનગરમાં ગરમીને પગલે કરફ્યુ

## ઈડરમાં પારો ૪૭.૬ અને હિંમતનગરમાં પારો ૪૫ નોંધાયો

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લામાં કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે ત્યારે બુધવારે ઈડરમાં ૪૭.૬, શામળાજીમાં ૪૬.૫ અને હિંમતનગરમાં ૪૫ ડીગ્રી ગરમીનો પારો પહોંચી જતા જનજીવન પ્રભાવિત થયુ છે. ઉનાળાની કાળઝાળ ગરમીના પ્રકોપના કારણે ૩૦થી વધુ દર્દીઓ હિટવેવનો ભોગ બનતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયારે હિટવેવની અસર જનજીવન સાથે પશુ-પંખીઓ પર પણ જોવા મળી હતી. શહેરના જૂના બગીચા વિસ્તારમાં આવેલા વૃક્ષો પર બેસતા ૫૦થી વધુ વાગોળ (ચામાચીડીયા) ગરમીથી નીચે પટકાઈ મોતને ભેટયા હતા. હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે નં. ૮ ઉપરાંત જિલ્લાના શહેરોના રસ્તાઓ બપોરે સૂમસામ થઈ જતા કરફયુ જેવો માહોલ સર્જાયો હતો.

આ અંગેની વિગત એવી છે કે ઉત્તરોત્તર ગરમી અને આગ ઝરતી લૂ નું પ્રમાણ વધી રહ્યુ છે. પરિણામે સાબરકાંઠા જિલ્લાના ઈડર, હિંમતનગર અને શામળાજી પંથકમાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં હિટવેવ જેવી પરિસ્થિતિ જોવા મળી છે. સવારથી જ આગ દઝાડતી લૂ વરસતા લોકો ગરમીથી બચવા ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરી રહ્યા છે. બપોરના સમયે કાળઝાળ ગરમીના કારણે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર પંથકમાં લૂ લાગવાને કારણે ૩૦થી વધુ લોકોને સરકારી તથા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.



ઉપરાંત ઝાડા-ઉલ્ટી, કોલેરા સહિત પાણીજન્ય બિમારીમાં વધુને વધુ સપડાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. બપોરે હિંમતનગર, ઈડર વિસ્તારમાં રસ્તાઓ સૂમસામ થઈ જતા જનતા કરફયુ જેવો માહોલ જોવા મળ્યો છે.

બુધવારે બપોરે જિલ્લાનું ઈડર શહેર સૌથી વધુ ગરમ બની રહ્યુ હતું. શહેરમાં ગરમીનો પારો ૪૭.૬ ડીગ્રીએ પહોંચતા બપોરના ૧૨ વાગ્યા બાદ ૪ વાગ્યા સુધી શહેરના રસ્તાઓ જનતા કરફયુથી સૂમસામ બની ગયા હતા. ઈડરમાં ગરમી વધવાને કારણે તાલુકાભરમાંથી ખરીદી અર્થે શહેરમાં આવતા ગ્રામજનોએ પણ બુધવારે ઈડર આવવાનું ટાળ્યુ હતું. જેના કારણે શહેરના વેપાર, ધંધાથી લઈ માનવ તેમજ પશુ જીવન પર અસરો જોવા મળી હતી.

સાબરકાંઠાના સૌથી વધુ જંગલ વિસ્તાર ધરાવતા અને મીની કાશ્મીરથી પ્રચલિત વિજયનગર તાલુકામાં ગરમીનો પારો ૪૪-૪૫ ડીગ્રી સેલ્સિયસની આસપાસ રહેવા પામ્યુ છે. આગ ઝરતી ગરમીના કારણે લોકોની અવરજવર નહિવત બનતા વિજયનગર ચિઠોડા આશ્રમ, વિજયનગરના બજારોમાં શૂન્યાવકાશ જોવા મળી રહ્યો છે.





## સદભાવના ગ્રુપ દ્વારા પાલનપુર રેલ્વે પ્લેટફોર્મ પર ૨૩ ટ્રેનોના ૭૦૦૦ મુસાફરોને છાસ પિવડાવી

પાલનપુર રેલ્વે-સ્ટેશન મુકામે,પાલનપુરના સેવાભાવી સદભાવના ગ્રુપના યુવાનો દ્વારા રવિવારની રજાનો સદુપયોગ કરવાન હેતુથી પાલનપુર રેલવેસ્ટેશન પર આવતી ૨૩ ટ્રેનોમાં મુસાફરી કરતા પેસેન્જરો માટે રેલેપ્લેટફોર્મ પર ૯ કાઉન્ટર લગાવી ૨૦૦૦ લીટર છાશ અંદાજે ૭૦૦૦ પેસેન્જરોને, લોકોને હોશે હોશે પિવડાવી હતી. હવામાન ખાતે જયારે હીટવેવ જાહેર કરેલ છે અને ગરમીનો પારો ૪૪ ડીગ્રી પહોચવા આવ્યો છે ત્યારે આવી ગરમીમાં રેલવેના લોકલ અને સ્લીપર કલાસમાં મુસાફરી કરતા ૨૩ ટ્રેનોના મુસાફરો માટે પાલનપુર ના સદભાવના ગ્રૃપના યુવાનો દ્વારા આજની રવિવાર ની રજાનો સદુપયોગ કરવાના હેતુથી સવારે ૭ થી બપોરે ૩ વાગ્યા સુધી પાલનપુર રેલ્વે પ્લેટફોર્મ પર અલગ અલગ જગ્યાએ ૬૦ યુવાનો દ્વારા ૯ કાઉન્ટર લગાવી જેવી રેલ્વે પ્લેટફોર્મ પર ઉભી રહે કે તરત પેસેન્જરો ને ઉતરતાની સાથે અને તેમને નીઃશુલ્ક ઠંડી છાસ પિવડાવીને ગરમીમાં તૃપ્તીઓ અહેસાસ કરાવ્યો હતો. હિટવેવ ગરમીની લુ થી બચવા માટે છાશ એ એક ઉત્તમ પ્રવાહી ગણવામાં આવે છે.જે રેલવેસ્ટેશન પર ૧૦ રૂપીયા લેખે એક ગ્લાસ પેસેન્જરોને વેચવામાં આવે છે ત્યારે જનરલ કોચના પેસેન્જરોએ હોશે હોશે નીઃશુલ્ક છાસના ગ્લાસ પીને સદભાવના ગ્રુપના સદસ્યોને આવા સદકાર્યો માટે આશીર્વાદ આપ્યા હતા. અને કહ્યું હતું કે આવી નીઃશુલ્ક સુવિધા ક્યાય જોવા મળી નથી અને આવી સુવિધા આપવા બદલ પાલનપુર વશીઓને પણ આશીર્વચન આપ્યા હતા.